पु॰ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VII

# GUJARATI

# Assighment


# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 5

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)



Scanned with CamScanner

| ક્રમ | એકમ | પૃષ્ઠ |
| --- | --- | --- |
| 8 | ચરણોમાં | |
| 9 | કદર | |
| 10 | ભૂલની સજા | |

# 8.ચરણોમાં

## શબ્દાર્થ

1) ઉગમણે = પૂર્વ દિશામાં
2) આભ = આકાશ
3) ઉમંગ = ઉત્સાહ
4) વગડો = જંગલ
5) ચોપાસે = ચારે બાજુએ
6) સંગ = સાથે
7) લીલેરા = લીલા લીલા
8) ચકચૂર = મસ્ત
9) ઝીણેરા = સાવ નાના
10) સૂર = અવાજ
11) છલંગ = કૂદકો

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1)** ઉગમણે આભમાં શું દેખાય છે ?
**જ)** ઉગમણે આભમાં જુદા જુદા રંગો રેલાતા દેખાય છે.

**2)** ચરણોમાં ચાલવાનો ઉમંગ શા માટે ઊછળે છે ?
**જ)** કુદરતની સુંદરતા અને વાતાવરણની તાજગીને લીધે ચરણોમાં ચાલવાનો ઉમંગ ઉછળે છે.

**3)** પંખીની પાંખમાં અને નાનકડી ચાંચમાં શાનાં ગાન લહેરે છે ?
**જ)** પંખીની પાંખમાં અને નાનકડી ચાંચમાં વગડાનાં અને ઝરણાનાં ગાન લહેરે છે.

**4)** મન ક્યાં આળોટે છે ?
**જ)** દૂર અને પાસે પથરાયેલા લીલા ઘાસ પરના ઝાકળમાં મન આળોટે છે.

5) આ કાવ્યમાં કવિ ક્યા સમયનું વર્ણન કરે છે ?

જ) આ કાવ્યમાં કવિ સવારનું વર્ણન કરે છે .

6) આભના રેલાતા રંગમાં શું શું ઊઘડે છે ?

જ) આભના રેલાતા રંગોમાં પહાડ, નદી, તેમજ મેદાનો ઊઘડે છે .

7) કવિ કોની દોરે સરી જાય છે ?

જ) કવિ કલ્પનાની દોરે સરી જાય છે.

8) વાયુ શાથી ચકચૂર છે ?

જ) ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર છે.

9) ઝાકળમાં કોના સૂર રેલાઇ રહ્યા છે ?

જ) ઝાકળમાં કિરણોના ઝીણા સૂર રેલાઇ રહ્યા છે.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) છલંગ મારીને મન શા માટે ધરતી પર આળોટે છે ?

જ) દૂર અને પાસે લીલુંછમ ઘાસ ઊગ્યુ છે. ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર બન્યો છે. ઘાસ ઉપર ઝાકળ છવાયું છે. ઝાકળમાં સૂર્યનાં કિરણોનો ઝીણો સૂર સંભળાઇ રહ્યો છે. આવા સુંદર અને તાજગીભર્યા વાતાવરણમાં મન છલાંગ મારીને ધરતી પર આળોટે છે.

2) સવાર થતાં કુદરતમાં કેવા ફેરફાર થાય છે ?

જ) સવાર થતા, પૂર્વનાં આકાશમાં રંગો રેલાય છે. પંખીઓ કલશોર કરતા ઊડવા લાગે છે. સૂર્યના અજવાળામાં પહાડ, નદી અને મેદાનો સ્પષ્ટ દેખાય છે. લીલા ઘાસ પરથી પવન વાય છે. ઝાકળપર પડેલા સૂર્યનાં કિરનો ઝળહળે છે. આમ, સવાર થતા કુદરતી વાતાવરણમાં જાતજાતનાં ફેરફાર થયા છે.

## <u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **1)** | પૂર્વ = ઉગમણું | | **2)** | ગગન = | આકાશ |
| **3)** | ઠેકડો = કૂદકો | | **4)** | પહાડ = | ડુંગર |
| **5)** | વાયુ = પવન | | **6)** | પંખી = | વિહંગ |

### નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉગમણું | x | આથમણું | 2) | પ્રકાશ | x | અંધકાર |
| **3)** | નાનું | x | મોટું | **4)** | આકાશ | x | પાતાળ |
| 5) | ઉત્સાહ | x | નિરુત્સાહ | 6) | દૂર | x | નજીક |

### 'નો,ની,ના,નું' માથી યોગ્ય શબ્દ વડે ખાલીજગ્યા પૂરો

**1)** ચાલવા <u>નો</u> ઉમંગ **2)** ઝરણાં <u>નાં</u> ગાન

**3)** ધરતી <u>ની</u> મહેક **4)** કિરણો <u>ના</u> સૂર

**5)** ઘાસ <u>નું</u> મેદાન

### નીચેના શબ્દોનો ઉપયોગ કરી એક – એક વાક્ય લખો

| | | | |
|---|---|---|---|
| **1)** | ઉમંગ | : | વર્ગમાં છોકરાઓ ઉમંગથી ભણે છે. |
| 2) | ચોપાસ | : | મારી ચોપાસ ફૂલોના છોડ હતા. |
| 3) | ચકચૂર | : | પૈસાના નશામાં તે ચકચૂર થઇ ગયો. |
| 4) | સૂર | : | સંગીતના સૂર સાથે મંદિરમાં ભજન ગવાય છે. |
| 5) | છલંગ | : | મોહને પાણીમાં છલંગ મારી. |

# 9.કદર ( લોકકથા )

## શબ્દાર્થ

| | | |
|---|---|---|
| 1) કુંજાર | = | ઝાડ તેમજ વનરાજીથી ઘટાદા |
| 2) રૂપકડી | = | દેખાવમાં સુંદર |
| 3) રૂડપ | = | સુંદરતા |
| 4) ઓલદોલ | = | દિલાવર |
| 5) ખપતો | = | વેચાતો |
| 6) જાતવંત | = | ઊંચાં ખાનદાનવાળા |
| 7) વેગળું | = | જુદું |
| 8) પાણીપંથા | = | પૂરના પાણીની ઝડપે દોડનાર |
| 9) જાયદી | = | ખજૂરની એક જાત |
| 10) અજંપો | = | અશાંતિ |
| 11) જોગાણ | = | ઘોડા, બળદ વગેરેને ખાવાનું અનાજ |
| 12) ધરપત | = | ધીરજ |
| 13) ખોરડું | = | માટીની ભીંત અને ગારનું બનાવેલુ છાપરું |
| 14) બોકાસા | = | બૂમ |
| 15) વાધ | = | ચામડાની દોરી, લગામ |
| 16) કળાવું | = | દેખાવું |
| 17) ભેર | = | મદદ |
| 18) સૂબો | = | ઇલાકા કે પ્રાંતનો સૂબેદાર |
| 19) લેખ | = | કરાર |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) વાલો કેસરિયો કોણ હતો ?

જ) વાલો કેસરિયો ગરણી ગામનો ચારણ હતો.

2) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?

જ) વાલો કેસરિયો ઘોડા લેવા-વેચવાનો ધંધો કરનાર વેપારી હતો.

3) મરાઠા યુવાન માથે કાઇ આફત આવી હતી ?

જ) મરાઠા યુવાન માથે લેણદારની ટાંપ ( જપ્તી ) ની આફત આવી હતી.

4) વાટખરચી કાઢવા કેસરિયાએ શું વેચ્યું ?

જ) વાટખરચી કાઢવા કેસરિયાએ એક ઘોડો વેચી નાખ્યો.

5) વાલા કેસરિયાની કદર કોણે કરી ?

જ) વાલા કેસરિયાની કદર અમરેલીના સૂબા રાઘોબાએ કરી.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું શા માટે વિચાર્યું ?

જ) કેસરિયો પોતાનાં ઘોડા વેચવાં વડોદરા આવ્યો હતો. મન ઠરી જાય એવા ઘોડા જોઇને, સૌ રાજી રાજી થઇ જતાં, પણ ઘોડાની કિંમત સાંભળીને તે પાછા વળી જતા. એકેય ઘોડો વેચાતો નહોતો, તેથી કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું વિચાર્યું.

2) વાલો કેસરિયો ઘોડાની લગામ તાણી શા માટે ઊભો રહી ગયો ?

જ) વાલો કેસરિયો વડોદરાની બહાર નિકળ્યો. ત્યાં એણે એક ખોરડું જોયું. ખોરડાની બહાર ગોદડાં, વાસણ, ઘરની નાનીમોટી જણસોનાં પોટલાં પડ્યાં હતાં. કાળજા કંપાવે એવા, નાનાં છોકરાંના બૂમબરાડા તેણે સાંભળ્યા. એ દ્રશ્ય જોઇને વાલો કેસરિયો ઘોડાની લગામ તાણીને ઊભો રહી ગયો.

3) રાઘોબાએ કેસરિયાની કદર કેવી રીતે કરી ?

જ) અમરેલીના સૂબા રાઘોબાએ કેસરિયાને પોતાની કચેરીમાં માન-મરતબા સાથે બોલાઅવ્યો. તાંબાના પતરામાં સૂર્ય – ચંદ્ર રહે ત્યાં સુધી ગરણી ગામ બક્ષિસ તરીકે તેને લખી આપ્યુ. આ રીતે રાઘોબાએ કેસરિયાની કદર કરી.

## વ્યાકરણ

### નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કાંઠો = | કિનારો | | 2) | રૂડપ = | સુંદરતા | |
| 3) | વેગળું = | દૂર | | 4) | ભેર = | મદદ | |
| 5) | મહોર = | છાપ | | | | | |

### નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સુંવાળુ | x | બરછટ | 2) | બાંધવું | x | છોડવું |
| 3) | પ્રામાણિકતા | x | પ્રામાણિકતા | 4) | શુદ્ધ | x | અશુદ્ધ |
| 5) | ગેરસમજણ | x | સમજણ | | | | |

### નીચેના શબ્દોની સાચી જોડણી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પ્રિત | - | પ્રીત | 2) | નિરણય | - | નિર્ણય |
| 3) | તીરષ્કાર | - | તિરસ્કાર | 4) | સ્તૂતી | - | સ્તુતિ |
| 5) | જીલલો | - | જિલ્લો | | | | |

નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | ઝાડ તેમજ વનરાજિથી ઘટાદાર | – | કુંજાર |
| 2) | સિક્કા સાચવી રાખવાની પટ્ટા જેવી કોથળી | - | વાંસણી |
| 3) | મુસાફરી દરમિયાન ખરચ માટેની રકમ | - | વાટખરચી |
| 4) | પૂરના પાણીની ઝડપે દોડનાર | - | પાણીપંથા |
| 5) | ઘોડાને બાંધવાની જગ્યા | - | તબેલો |
| 6) | ગાયોનું મોટું ટોળું | - | ધણ |
| 7) | પશુને ખાવાનું અનાજ | - | જોગાણ |

# 10. ભૂલની સજા

## શબ્દાર્થ

1) પરવડવું = પોસાવું
2) જિજ્ઞાસુ = જાણવાની ઇચ્છવાળું
3) વાછટ = પવનથી ઉડેલા વરસાદનાં ફોરાં
4) ગફલત = ભૂલ
5) દશા = હાલત
6) મોકો = તક
7) એકરાર = કબૂલાત
8) દ્વિધા = મૂંઝવણ

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) શિક્ષક અબ્રાહમને ખુશીથી પુસ્તક શા માટે આપે છે ?
જ) અબ્રાહમ વાંચન માટે જિજ્ઞાસુ છે. તેથી શિક્ષક તેને ખુશીથી પુસ્તક આપે છે.

2) પુસ્તક સાથી પલળી ગયું ?
જ) રાત્રે પડેલા વરસાદની વાછટથી પુસ્તક પલળી ગયુ.

3) શિક્ષક લિંકનને ક્યું કામ સોપે છે ?
જ) શિક્ષક લિંકનને બાગમાં છોડવાઓને પાણી પીવડાવવાનું કામ સોપે છે .

4) અંતે શિક્ષક લિંકનનેકેવા ભાવથી જુએ છે ?
જ) અંતે શિક્ષક લિંકનને અહોભાવથી ભાવથી જુએ છે

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) અબ્રાહમ લિંકન સાહેબ પાસે કેમ આવ્યો હતો ?

જ) સાહેબે ક્લાસમાં જે પાઠ શિખવ્યો હતો, તે વિશે તેને વધું જાણવાની ઇચ્છા હતી, તેથી એ વિશેની બીજી ચોપડી હોય તો તે લેવા માટે અબ્રાહમ લિંકન સાહેબ પાસે આવ્યો હતો.

2) પુસ્તક ખરાબ થઇ જવાથી અબ્રાહમ લિંકનશુંવિચારે છે ?

જ) પુસ્તક વાછટમાં પલળી જવાથી ખરાબ થઇ ગયુ હતું. સાહેબને હવે શો જવાબ આપવો? કેમ કે પુસ્તક અબ્રાહમ લિંકનને વાંચવા આપ્યુ હતું. તે વિચારે છે : મારી પાસે એટલા પૈસા પણ નથી કે નવી ચોપડી લાવીને સાહેબને આપી શકુ. સાહેબને જઇને એમ કહું કે પુસ્તક કોઇ ચોરી ગયુ છે? અથવા એમ કહું કે તે રસ્તામાં પડી ગયુ છે? ના..ન... અસત્ય યો ન જ બોલવું- લિંકન આવા અનેક વિચારો કરે છે.

3) અબ્રાહમ લિકન સાહેબ પાસે જઇને શી વાત કરે છે ?

જ) અબ્રાહમ લિંકન સાહેબ પાસે જઇને કહે છે : "સાહેબ, મારાથી એક ગફલત થઇ ગઇ છે. વાંચતાં વાંચતાં પુસ્તક નીચે પડી ગયું. હું ઊંઘી ગયેલો. રાત્રે ખૂબ વરસાદ પડ્યો, એમાં બારી વાટે ઘરમાં પાણી ભરાયું. પુસ્તક પલળી ગયું. વાંચવાના કામનું રહ્યું નથી. હું ગુનેગાર છુ, સાહેબ ! ".

4) સાહેબે અબ્રાહમ લિંકનને માફ કરી દીધો છતાં એણે સાહેબને શું કહ્યું ?

જ) સાહેબે અબ્રાહમ લિંકનને માફ કરી દીધો, છતા તેણે સાહેબને પોતાના મનની શાંતિ માટે થોડા દિવસ કોઇ કામની તક આપવા માટે કહ્યું.

<u>વ્યાકરણ</u>

## નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.

1) " ખૂબ પ્રગતિ કર બેટા, ખૂબ પ્રગતિ કર."

જ) આ વાક્ય શિક્ષક બોલે છે અને લિંકનને કહે છે.

2) "અરે! ચોપડી ક્યાં ગાઇ? ".

જ) આ વાક્ય લિંકન મનોમન બોલે છે.

3) " તે હજુ સુધીતું વાચીં શક્યો નથી."

જ) આ વાક્ય શિક્ષક બોલે છે અને લિંકનને કહે છે.

4) "હા...હાશ .. હવે મારા મનને શાંતિ મળશે.."

જ) આ વાક્ય લિંકન બોલે છે અને શિક્ષક ને કહે છે.

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો

1) ગફલત = બેદરકારી

2) રાત્રી = રાત

3) નિર્ણય = ફેંસલો

4) પરિશ્રમ = મહેનત

5) માર્ગ = રસ્તો

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) ખર્ચ x બચત

2) ઇચ્છા x અનિચ્છા

3) નિરાંત x ઉતાવળ

4) પ્રગતિ x અધોગતિ

5) સંતોષ x અસંતોષ

નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો.

1) પવનથી ઊડેલા વરસાદના છાંટા – વાછટ

2) જાણવાની ઇચ્છાવાળું - જિજ્ઞાસુ

3) જાત સાથેની મથામણ - આત્મસંઘર્ષ

## નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો

1) ગેરહાજરી, પતન, સાંજ, કોરું

જ કોરું, ગેરહાજરી, પતન, સાંજ